તો તે પાસે શિષ્યે પોતાના હાથમાં સમિધ્ નામનું લાકડું લઈને જવું જોઈએ."

અને વળી મનુપણ એવા આચાર્યોથી વિરૂદ્ધ રીતે કહે છે કેઃ-

"બ્રાહ્મણ, ક્ષત્રિય અથવા વૈશ્ય ગુરૂ પોતાના શિષ્યને જનોઈ આદિ ધર્મક્રિયા કરાવ્યા પછી જો વેદ અર્થ અને કલ્પસહિત ભણાવે તોજ તેને આચાર્ય કહેવો."

મરીજવા પછી ભણવા, ભણાવવાની એ વાત થવી તદન અશક્ય છે અને તેથીજ મુડદાને આચાર્યનું નામ આપવું અસંભવિત દેખાય છે. મુડદામાં પ્રીતિ રાખવી તદન અયોગ્ય અને નિષ્ફળ છે; અને એટલામાટે આગલ તમે જે વલ્લભ શબ્દનો અર્થ પ્રિય, વહાલું વગેરે કર્યો તે માત્ર ભ્રાંતિથીજ કર્યોછે.

પ્ર૦-તમે ગુરૂપણું કોને કહો છો જે સત્યનો બોધ કરે તેને કે અસત્યના બોધ કરનારને ?

ઉ૦-તમે કહેશો કે અમે સત્યના બોધ કરનારને ગુરૂ કહીએ છીએ તો તે અશક્ય છે, કારણ કે તમે વેદ પઠિત અને એક ઈશ્વરને ભજતા નથી; કદી ભજતા હશો તો સત્ય માર્ગે વર્ત્તતા નથી, કારણ કે તમે ઘણા વ્યભિચારી છો અને વળી મનુ પણ સાક્ષી આપેછે કેઃ--

"જે પુરૂષ અર્થકામમાં લીન થઈ ન જાય તેનેજ માત્ર જ્ઞાન પ્રાપ્ત થાયછે."

આતો ખુલ્લુંજ છે કે તમે સ્ત્રીધનાદિ પદાર્થોની અંદર અત્યંત મોહિત થઈ ગયા છો; મરણસમયે પણ તમારા શિષ્યનીછાતી ઉપર લાત દઈને જેમ મસાણીઓ મસાણમાં મુડદાના કફન આદિ પદાર્થો લઈ જાય છે તેમજ તમે પણ વસ્ત્ર આભૂષણ વગેરે ચીજો લઈ જાઓ છો માટે તમારામાં અને મસાણીઆમાં કંઈ તફાવત નથી.

તમે કહેશો કે જે અસત્યનો બોધ કરે તેને અમે ગુરૂ કહીએ છીએ તો અસત્ય ઉપદેશનું કયાં નામ પણ નથી તેથી સત્ય અસત્ય બેઉ 'તમને' દુઃખદાયક છે. તમને ગુરૂનું નામ મુદ્દલ છાજતું નથી કારણ કે પિતા એજ પોતાનાપુત્રનો ગુરૂ કેહેવાય છે, બીજા પુરૂષોનો હું ગુરૂ છું એવું અભિમાન રાખવું એ ઘણુંજ ભુલ ભરેલું છે; વળી મનુ સાક્ષી આપેછે કેઃ—

"જે પુરૂષ નિષેકાદિ કર્મો શાસ્ત્રવિધિ પ્રમાણે કરે અને પોતાના પુત્રનું પોષણ અન્ને કરીને ચલાવે તેવા વિપ્રને ગુરૂ કહેવો."

જે સ્ત્રી પરણી ન હોય તેમાં વીર્યનિષેક કરવો તે અઘોરપાપનું કામ છે. તમે કહો છો કે અમે વર્ણાશ્રમમાં છીએ તો વેદમાં વર્ણાશ્રમસ્થ લોકોમાટે જે

કર્મો કહેલાં છે તે તમે કેમ નથી કરતા? જો તમે કહેશો કે અમે કરીએ છીએ તો મૂર્ત્તિપૂજન, કંઠી, તિલક, સમર્પણ વગેરે તુત ફિતુરો વિષે વેદમાં એકે મંત્ર નથી અને તેટલા માટે એ સર્વે ઢોંગ છોડી ઘો; કદી નહીં છોડો તો વેદ-વિરૂદ્ધ વર્ત્તવાથી તમે વર્ણાશ્રમસ્થ છોજ નહી.

પ્ર૦-તમે ગુરૂ, શિષ્ય કે મધ્યસ્થ લોકો છો?

ઉ૦-તમે ગુરૂ નથી, કારણ કે જો તમે ગુરૂ હો તો પાઠશાળા ઉઘાડીને લોકોને વેદાર્થજ્ઞાન કેમ આપતા નથી? તમે શિષ્યો પણ નથી, કારણ કે જો શિષ્ય હો તો ભણતા કેમ નથી? તમે કેહેશો કે અમે મધ્યસ્થ છીએ તો આચાર્યા-ભિમાન શામાટે દેખાડો છો? માટે તમારે એવા અભિમાન રાખવા વ્યર્થ છે એમ નક્કી કરી જાણવું.

પ્ર૦-તમે વેદમતાઅનુયાયી છો કે વેદ ધર્મથી વિરૂદ્ધ વર્ત્તો છો?

ઉ૦-જો તમે કહેશો કે અમે વેદમતઅનુયાયી છીએ તો વેદવિરૂદ્ધ સ્વકપોલ-કલ્પિત વલ્લભ સંપ્રદાય શું કરવા માનો છો? જો તમે કહેશો કે અમે વેદ-વિરૂદ્ધ વર્ત્તીએ છીએ તો તમે એમ શું કરવા નથી કહેતા કે અમે શૂદ્ર છીએ? મનુ પણ સાક્ષી આપે છે કે:-

"વેદની નિંદા કરનારને નાસ્તિક કહેવો, જે વેદ ભણવા મુકી દઈને બીજું કંઈ ભણવાની તજવીજ કરે તે જીવતે કુટુંબસહિત શૂદ્રતાને પામે છે."

જન્મમરણ પામ્યા એવા દેહધારી કૃષ્ણાદિને તમે ઈશ્વર અવતાર કેમ માનો છો? જો તમે કહેશો કે અમે નથી માનતા તો દેવલમાં 'જડ મૂર્ત્તિ' રાખીને ટન્ ટન્ પું પું શું કરવા કરો છો? અને મિથ્યા ઉપદેશ અને કપટે કરીને બિચારા અજ્ઞાનીઓ પાસેથી પૈસા કેમ છીનવી લ્યોછો?

પ્ર૦-તમે પોતાને કૃષ્ણનો અવતાર માનોછો કે સાધારણ મનુષ્ય?

ઉ૦-જો તમે પોતાને કૃષ્ણનો અવતાર માનોછો તો યાદવ ક્ષત્રિય અભિમાન, કેમ રાખતા નથી? તેઓના જેવો પરાક્રમ તમારામાં તો જરાએ કેમ દેખાતો નથી? કૃષ્ણ તો મરી ગયો, તમે હજી જીવતા કેમ બેઠાછો? જો તમે તમને સાધારણ મનુષ્ય માનતાહો તો અમે શ્રેષ્ઠ છીએ એવો ખોટો અભિમાન મુકી ઘો.

પ્ર૦-તમે વૈષ્ણવ છો કે બીજા કોઈ?

ઉ૦-જો તમે કહો કે અમે વૈષ્ણવ છીએ તો વૈષ્ણવ શબ્દનો તમે શો અર્થ કરો છો? તમે કહેશો કે વિષ્ણુનો જે ભક્ત તેને અમે વૈષ્ણવ કહીએ છીએ તો **તસ્યેદમ્ સૂત્ર** થી એમ અર્થ કરવો અયોગ્ય છે, કારણ કે એ સૂત્રથી 'વિષ્ણુનો-

આ' એમ અર્થ થાય છે, કંઈ વધારે અર્થ લેવાનો નિયમ દેખાતો નથી. જેમ તમે ભક્ત શબ્દ લીધો તેમ એજ સૂત્રથી વિષ્ણુનો જે શત્રુ, વિષ્ણુનો પુત્ર, વિષ્ણુનો બાપ, વિષ્ણુની શક્તિ, વિષ્ણુનો શિષ્ય અને વિષ્ણુનો ગુરૂ તેને પણ વૈષ્ણવ કહીએ તો તેમાં કંઈ ખોટું નથી, માટે તમે જે અર્થ કર્યો તે અઘટિત છે.

પ્ર૦-તમે વિષ્ણુને કેવો ગણોછો ?

ઉ૦-ગોલોક અને વૈકુંઠવાસી ચતુર્ભુજ, દ્વિભુજ, લક્ષ્મીપતિ, દેહધારી ઈત્યાદિ. જો તમે ઈશ્વરમાં ઉપલા ગુણો માનતાહો તો ઈશ્વરનું સર્વવ્યાપકપણું મુકી દ્યો. જો ચતુર્ભુજ વગેરે માનતા હો તો ઈશ્વર અવયવી થયો અને અવયવી થયો તો તે નાશવંત છે એમ કબુલ કરવું પડેછે, માટે ઈશ્વરનું ઈશ્વરપણું મુકી દ્યો, કારણ કે સંયોગવિના શરીર સિદ્ધ થતું નથી, પણ ઈશ્વર તો આથી કેવળ ભિન્ન છે એમ માનવું ઉત્તમ છે. ઈશ્વર અવયવી અને સાકાર છે એમ માનવું વેદવિરૂદ્ધ છે. વેદમાં કહ્યું છે કે:-

"ઈશ્વર સર્વવ્યાપક, વીર્યરૂપ, શરીરછિદ્ર અને નાડી વગરનો શુદ્ધ અને પાપ રહિત છે."

પ્ર૦-કંઠી તિલક અને મૂર્ત્તિ પૂજન કરવાથી પુણ્ય થાય છે કે પાપ ?

ઉ૦-તમે કહેશો કે પુણ્ય થાય છે, પાપ નથી થતું, જો જરાક કંઠી, તિલક અને નાની મૂર્ત્તિ પૂજવાથી ધર્મ થાય છે તો કંઠીનો એક મોટો ભારો ઘાલવાથી અને આખું મોહોડું લીંપી મુકવાથી અને પૃથ્વી, પર્વત પૂજવાથી ઘણુંજ પુણ્ય થશે. અમે એમ કહીએ છૈએ કે એ બધું તદ્દન વેદ વિરૂદ્ધ છે અને તેટલા માટે એમાંનું કંઈ પણ કરવું નહીં. ખરેખર વેદમાં કંઠી, તિલક, અને પાષાણ-મૂર્ત્તિ પૂજનનો લેશ માત્ર પણ વિધિ દેખાતો નથી, તેટલા માટે તમે જે કહ્યું તે બધું વ્યર્થ છે.

પ્ર૦-પ્રતિષ્ઠા તે શું ?

ઉ૦-પાષાણાદિ મૂર્ત્તિઓમાં પ્રાણાદિ બોલાવીને જે સ્થાપન થાય તેને અમે પ્રાણપ્રતિષ્ઠા કહીએ છૈએ. એમ કહેવું અસંભવિત છે, કારણ કે પ્રાણાદિ કર્મો તેઓમાં મુદ્દલ દેખાતાં નથી, જો મૂર્તિમાં પ્રાણ હોય તો તેઓમાં ચાલવા, બોલવા, ખાવા, અને મળમૂત્ર કાહાડવાની ક્રિયા ઓ કેમ દેખાતી નથી ? અને પ્રાણીઓની માફક મૂર્તિઓ કેમ એવી ક્રિયાઓ કરતી નથી ? જો કદી તમારામાં પ્રાણાદિઓનું સ્થાપન કરવાની શક્તિ હોય તો તેમ કરી મુડદાંને જીવતાં કેમ નથી કરતા ? જો જીવતાં કરશો તો તમને ઘણોજ પૈસો ને કી-

ર્તિ મલશે. પાષાણાદિ મૂર્ત્તિઓમાં તો પ્રાણાદિઓને જવાઆવવાને રસ્તો-એ નથી તેમ છિદ્ર કે નાડી વગેરે પણ કાંઈ નથી હોતું પણ મુડદામાં તો બધું તમ તૈયાર હોય છે. જ્યારે પ્રાણ નીકળી જાય છે ત્યારે લોકો અગ્નિસંસ્કાર કરેછે પણ તે વખતે જો તમે તેમાં પ્રાણનું સ્થાપન કરો તો કોઈ માણસ મરેજ નહીં, એથી કરીને તમને અત્યંત પુણ્ય થશે માટે એ કામ તરતજ કરવું જોઈએ. મુવેલાંને જીવતાં કરે એવો તો કોઈ થયોએ નથી અને થશે પણ નહીં એમ અમે સમજીએ છીએ, જેમકે માત્ર જીભજ રસનું જ્ઞાન જાણે છે એ ઈશ્વરનો નિયમ છે તેથી ઉલટું કરવાને કોઈ સમર્થ નથી, અને એ પ્રમાણે ઈશ્વરના સર્વે નિયમોવિષે જાણવું.

ઈશ્વરે જે પદાર્થો જડ કર્યા છે તે કદી ચેતન થતા નથી તેમજ આ તો નિશ્ચય છે કે ચેતન કદાપિ જડ થતા નથી. ઈશ્વર સર્વવ્યાપક છે તેથી મૂર્ત્તિમાં પણ છે ત્યારે મૂર્ત્તિખંડન શું કરવા કરવું જોઈએ? જો તમે એમ માનતા હો તો તમે ફુલ શું કરવા તોડો છો? ચંદન શું કરવા ઘસોછો? અને નમસ્કાર શું કરવા કરો છો? કારણ કે ઈશ્વર તો સર્વવ્યાપક છે. જો તમે કહોકે ઈશ્વર સર્વવ્યાપક નથી તો જોડા, મળમૂત્રાદિનું પૂજન કરવામાં શું ખોટું છે? ખરેખર ઈશ્વર સર્વવ્યાપક છે ત્યારે તેની શક્તિ એક વસ્તુમાં સમાવી દેવીએમાં મોટું પાપ છે, જેમ કે એક ચક્રવર્ત્તિ રાજાને કોઈ એમ કહેકે તુંતો દશ હાથ જમીનનો ધણી છે તો તેના ઉપર રાજા કેટલો કોપાયમાન થશે? તે પ્રમાણે ઈશ્વરનું પણ સમજવું.

પ્ર૦-નાની સરખી પાષાણ અથવા પિત્તલની મૂર્ત્તિ પૂજવાથી પુણ્ય થાય છે કે પાપ?

ઉ૦-પુણ્ય તો નથી થતું કારણ કે જો પિત્તલની નાની મૂર્ત્તિ પૂજવાથી પુણ્ય થાય છે તો પિત્તલની મોટી મૂર્ત્તિને ધોકાનો માર મારવાથી ઘણું પાપ થાય છે એમ માનવું પડશે. વેદમાં મૂર્ત્તિપૂજન કહ્યું નથી અને તેથી તેમ કરવામાં પાપ છે એમ કબુલ રાખવું. જો કબુલ નહીં રાખો તો કહો કે અમે નાસ્તિક છૈએ. પાપ આચરણ વાસ્તે તો વેદમાં આજ્ઞા છેજ નહિ મૂર્ત્તિપૂજનથી મનુષ્યનું જન્મ વ્યર્થ ચાલ્યું જાય છે. કારીગર અથવા પૂજારિ મૂર્ત્તિને એક જગાએ બાંધી મુકે છે એક તેથી, અને બીજું મૂર્ત્તિ પોતેજ જડ છે તે કારણથી મૂર્ત્તિ-પૂજન મોક્ષનું સાધન છે એ કદિ માની શકાયજ નહીં.

પ્ર૦-કંઠી તિલક ધારણ કરવામાં શું પ્રમાણ અને ડહાપણ છે?

ઉ૦-તિલક હરિના પગની આકૃતિ છે. અમે તો એમ માનીએ છૈએ કે કૃષ્ણના

કપાળમાં રાધાજીએ કંકુવાળી લાત મારી હતી તેથી કપાલમાં જે જખ્મ થયો તેને તમે કપાળની શોભા માની લીધી.

પ્ર૦-હરિ શબ્દનો અર્થ શો માનો છો ?

ઉ૦-માત્ર વિષ્ણુ માનીએ છીએ. હરિ શબ્દનો અર્થ એકજ લેવો તે અયોગ્ય છે. હરિ શબ્દના અર્થ ઘોડો, સિંહ, સૂર્ય, વાંદરો અને મનુષ્ય વગેરે થાય છે. વેદમાં તે વિષે કંઇ કહ્યું નથી તેથી અને એમ કરવું ડહાપણ વગરનું છે તે કારણથી એમ જણાય છે કે તિલક સર્વ પાપનું મૂલ છે.

પ્ર૦-તિલક એટલે શું ?

ઉ૦-ત્રિપુંડ્ર અને આડ વગેરેને અમે તિલક કહીએ છીએ. એમ કહેવું અઘટિત છે કારણ કે તલની જે આકૃતિ તેને અથવા થોડાતલને તિલક કહે છે. તિલકની ઉપલા બે અર્થો તો પ્રસિદ્ધ છે પણ તમે તો કપાલે એક મોટું ટિલું કરવું તેને તિલકનું નામ આપોછો. પણ તેને તિલકનું નામ આપવામાં મોટી મૂર્ખાઈછે,

પ્ર૦-મૂર્ત્તિપૂજા વગેરેથી પુણ્યથાય છે કે પાપ ?

ઉ૦-મૂર્ત્તિપૂજા, કંઠી, તિલક ધારણ કરવામાં પાપ નથી, કારણ કે જેવી જેની ભાવના તેવી તેની સિદ્ધિ થાય.

પ્ર૦-ભાવના સત્ય છે કે મિથ્યા ?

ઉ૦-સત્ય નથી કારણ કે દુઃખની ભાવના કોઈ કરતું નથી, હમેશ સુખની કરે છે; પણ સુખતો મળતું નથી અને દુઃખતો મળ્યાજ કરે છે. માટે ભાવના ખોટા થઈ કારણ કે ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચારની ભાવના સિવાય કોઈ દિવસે ભાવનાસિદ્ધિ થતી નથી. જો ભાવના ખરી હોય તો તમારા શરીરને અમે આગગાડી સમજીએ અને તેમાં અમે બેસીએ અને જેટલા વખતમાં આગ-ગાડી દેશદેશાંતરે લઈ જાય છે તેટલા વખતમાં જો તમારી શરીરરૂપી ગાડી અમને લઈ જાય તો અમે માનીએ કે ભાવના ખરી છે. પથરાઓમાં હીરા, રત્ન વગેરે, પાણીમાં દહી, દુધ, અને ઘી, ધૂલમાં લોટ, સાકરમાં ચોખા, જડમાં ચેતન, ચેતનમાં જડ; દરિદ્રમાં ચક્રવર્ત્તિ અને ચક્રવર્ત્તિમાં દરિદ્રની ભાવના કરીએ ને જો તેની સિદ્ધિ થાય તો જાણીએકે ભાવના ખરી નહીં તો ખોટી.

પ્ર૦-ભાવના તે શું ?

ઉ૦-પથરામાં પથરાની અને રોટલામાં રોટલાની ભાવના કરવી યોગ્ય છે પણ રોટલામાં પથરાની ભાવના અને પથરામાં રોટલાની ભાવના કરવાથી બુદ્ધિ-ભ્રમ થાયછે.

પ્ર૦–પ્રતિમા તે શું?

ઉ૦–ચાર હાથવાલી મૂર્ત્તિને અમે પ્રતિમા કહીએ છૈએ.

પ્ર૦–પ્રતિમા શબ્દનો અર્થ તમે શો માનો છો?

ઉ૦–જેનેથી કરીને કંઈ મપાય છે તેને પ્રત્તિમા કહે છે. ઈશ્વર, શિવ, અને નારાયણને અમે મૂર્ત્તિ માનીએ છૈએ. શિવ આદિઓનાં શરીરનું તમે પાષાણ આદિ મૂર્ત્તિથી પ્રત્યક્ષ તોલ કરો છો તેનું કારણ શું? મનુ સાક્ષી આપેછે કે:–

"પ્રત્તિમા એટલે કાટલાં અથવા તોલાંઓ સારી પેઠે ધ્યાનમાં રાખવાં જોઈએ એટલે દરેક છ છ મહિને તેઓની તપાસ કરવી."

જેનેથી કરીને ગોળ ઘી તોલાય તેને અથવા પાલીપવાલાને પ્રતિમા કહે છે. યજુર્વેદની સંહિતાના બત્રીસમાં અધ્યાયમાં કહ્યું છે કે:–

"જે મહદ્યશા એટલે ઈશ્વર છે તેની પ્રતિમા નથી."

ઈશ્વરનું તોલ થતુંજ નથી કારણ કે તે અતુલ્ય છે. આ ઉપરથી તમે જે અર્થ કર્યો તે વ્યર્થ છે.

પ્ર૦–પુરાણ શબ્દનો તમે શો અર્થ કરો છો?

ઉ૦–બ્રહ્મવૈવર્તાદિ અઢાર અને ઉપપુરાણોને અમે પુરાણનું નામ આપીએ છૈએ. એમ નામ આપવું અયોગ્ય છે કારણ કે પુરાણ શબ્દ વિશેષણવાચક છે, જેમ પુરાતન પ્રાચીન આદિ શબ્દો નવીનથી અર્થોમાં ઉલટા છે તેમ પુરાણ શબ્દ પણ છે. કોઈ કહેકે પુરાણું ઘી, પુરાણો ગોલ, પુરાણું લુગડું તેથી ઉલટું નવું ઘી વગેરે કહેવાય. આ કારણ માટે વેદને, વેદની વ્યાખ્યા ઓને અને વેદના ભાગોનેજ માત્ર પુરાણનું નામ આપવું જોઈએ બ્રહ્મવૈવર્ત્તાદિઓને કોઈ દિવસે પુરાણનું નામ આપવું નહીં. બ્રાહ્મણ ભાગમાં ઈતિહાસ અને પ્રાચીન વાતો કહી છે. વેદમાં કહ્યું છે કે:–

"મૃત્યુ પછી દશમે દિવસે પુરાણ સાંભલવી, (અહીં પુરાણ શબ્દનો અર્થ પ્રાચીન વિદ્યા એટલે કે વેદ તે અવશ્ય સાંભળવા જોઈએ.) અશ્વમેધ નામનો યજ્ઞ કર્યાપછી નવમે દિવસે ઋગ્વેદાદિ સાંભલવા અને, દશમે દિવસે બ્રહ્મજ્ઞાન પ્રતિપાદક ઉપનિષદ્ અને પ્રાચીન શાસ્ત્રો યજમાને અને તેના કુટુંબના માણસોએ સાંભલવાં."

આ જગાએ પુરાણ શબ્દનો અર્થ માત્ર વેદજ સમજવો; કારણ કે સર્વ ગ્રંથકર્ત્તા સાક્ષી આપે છે કે:–

"વેદ પ્રાચીનમાં પ્રાચીન છે."

અમે ખાત્રીપૂર્વક કહીએ છીએ કે અમારો મત માત્ર વેદજ છે.

ઢોંગી અને માઈકાકલા સંપ્રદાયવાલાઓએ પોતાનું પેટ ભરવા અર્થે અને લોકોમાં ભ્રમના ઉઠાવવાને વ્યાસને નામે બ્રહ્મવૈવર્ત્તાદિ કપોલકલ્પિત કથાઓ એકઠી કરી લીધી છે, તેમજ સ્મૃતિ, શિવ અને તંત્રાદિ ગ્રંથો યાજ્ઞવલ્ક્યાદિ ઋષીઓને નામે ઠોકી બેસાડયા છે, તેથી એ સૌ લાલભુજુકડાની કથા છે એમ સમજવું.

પ્ર૦-દેવાલય શબ્દનો અર્થ તમે શો માનો છો?

ઉ૦-જયાં પૂજાસ્થાન અને મંદિર હોય અને જયાં મૂર્ત્તિ સ્થાપન અને ટન્ ટન્ પું પું થાય તે જગાને અમે દેવાલય કહીએ છીએ. પણ એમ અર્થ કરવો અઘટિત છે કારણ કે એમ કહેવું વેદવિધિપૂર્વક નથી, અને એ પ્રમાણે કરવાથી તદ્દન મૂર્ખાઈ જણાય છે. જે જગાએ હોમ થાય તેજ જગાને દેવાલય કહે છે. કારણ કે હોમ શબ્દનો અર્થજ પૂજા થાય છે. મનુ સાક્ષી આપેછે કેઃ-

"શિખવવું તે બ્રહ્મયજ્ઞ, તર્પણ કરવું તે પિતૃયજ્ઞ, હોમ કરવો તે દેવ યજ્ઞ, બલિદાન તે ભૂતયજ્ઞ અને પરોણાની ચાકરી કરવી તે મનુષ્યયજ્ઞ સમજવો. પોતાના સદભ્યાસે કરીને ઋષિમુનિઓની, હોમે કરીને દેવોની, શ્રાદ્ધે કરીને પિતૃની અને બલિદાને કરીને સર્વ પ્રાણીઓની પૂજા કરવી.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે હોમ અથવા યજ્ઞ શબ્દનો અર્થ માત્ર દેવપૂજાજ થાય છે, માટે તમે જે કહ્યું તે વ્યર્થ છે; વળી ઉપર કહ્યું તેથી એટલું પણ સિદ્ધ થાય છે કે દેવાલય શબ્દનો અર્થ યજ્ઞશાળા થાય છે.

પ્ર૦-દેવ શબ્દનો અર્થ તમે શું કરો છો?

ઉ૦-બ્રાહ્મા, વિષ્ણુ અને મહાદેવ આદિઓની પૂજા અર્થે મૂર્ત્તિ ઓને દેવનું નામ આપીએ છીએ. એ નામ આપવું અયોગ્ય છે નિરૂક્તમાં કહ્યું છે કેઃ-

"જે મંત્રમાં જે દેવતા નામનું ચિન્હ હોય તે મંત્ર તે દેવતા વાચક જાણવો."

પૂર્વ મીમાંસા તથા બ્રાહ્મણમાં પણ કહ્યું છે કેઃ-

"મંત્ર તે દેવતાનું રૂપ છે."

મનુસ્મૃતિમાં પણ આત્માને સર્વ દેવતા માન્ય છે. તૈતિરિયોપનિષદ્‌માં પણ કહ્યું છે કેઃ-

"માતા દેવ, પિતા દેવ, આચાર્ય દેવ અને પરોણો દેવ."

કર્મ કાંડમાં પણ, મંત્રોને અને વિદ્વાનોને દેવ અને માતા વગેરેને દેવતા ગણેલ છે. તેજ પ્રમાણે ઉપાસના અને જ્ઞાનકાંડમાં પણ જયાં જયાં દેવતા શબ્દ

લખેલ છે ત્યાં માત્ર ઈશ્વરજ સમજવો. આ ઉપરથી તમે જે દેવ શબ્દનો અર્થ કર્યો તે કેવળ અસંભવિત છે. આટલું છતાં પણ જો કોઈ પુરૂષ દેવતા શબ્દનો અર્થ મૂર્ત્તિ સમજે તો તેને પુછડા વગરનો પશુ સમજવો. જે એક પરબ્રહ્મને મુકીને બીજાની ઉપાસના કરે તેને લાંબા કાનવાળો લેખવો. ઉઠો જાગૃત થાઓ અને એક નિરાકારને ઓળખી લ્યો, ગડબડાધ્યાય મુકી દ્યો, વગેરે વાક્યોથી સિદ્ધ થાય છે કે, મૂર્ત્તિને કદિ દેવનું નામ આપી શકાયજ નહિ.

પ્ર૦– દેવલ અને દેવલક શબ્દનો અર્થ તમે શો માનો છો?

ઉ૦–મૂર્ત્તિના પૂજારિને દેવલ, અને મૂર્ત્તિના ઉપાયે કરીને જે પોતાનું ગુજરાન ચલાવે તેને અમે દેવલક કહીએ છીએ. એમ કહેવું ઠીક નથી લાગતું; કારણ કે મનુ સાક્ષી આપે છે કે:-

"યજ્ઞ કરનાર લોકોનો જે પૈસો છે તેને ડાહ્યા માણસો દેવસ્વ અને જે માણસ યજ્ઞાદિ કર્મો કરતો નથી તેના દ્રવ્યને અસુરસ્વ કહેવો. યાજ્ઞિક લોકોએ જે ધન યજ્ઞકર્મ સારૂ નેમ્યું હોય, તે જો કોઈ માણસ પોતાના પોષણ અર્થે લેઈ લે તો તેને નિંદિત દેવલ કહેવો. યજ્ઞ અર્થે જે ધન ધારેલું હોય તે જો કોઈ ચોરી જાય તો તેને દેવલક કહે છે."

આ ઉપરથી ખુલ્લું દેખાય છે કે દેવલ અને દેવલક બેઉ ધિક્કારવા યોગ્ય છે. દેવલ શબ્દનો **કુત્સિત સૂત્રે**કરીને "ક" પ્રત્યય લગાડવામાં આવે છે આ કારણમાટે તમે દેવલ અને દેવલક શબ્દનો જે અર્થ કર્યો તે મિથ્યા છે.

પ્ર૦-ઈશ્વરને કદિ જન્મ મરણ થાય છે કે નહિ?

ઉ૦–અપ્રાકૃત દેવાંશિ જન્મ મરણ ઈશ્વરને થાય છે; ભક્તોનો ઓધ્ધાર,દુષ્ટોનો નાશ, ધર્મનું સ્થાપન કરવા અને અધર્મ જડમૂળથી કહાડવા ઈશ્વરને જન્મ મરણ થાય છે. એમ થવું ન્યાયવિરૂદ્ધ છે, કારણ કે ઈશ્વર સર્વશક્તિમાન્, સર્વાંતર્યામી, અખંડ, સર્વવ્યાપક, અનંત અને સ્થિર છે. ખરેખર ઈશ્વર સર્વશક્તિમાન્ છે અને બીજાની મદદ લેવા વગર સર્વ ન્યાય કર્મો કરવા સમર્થ છે. જો કોઈ શરીરાદિ પદાર્થોની સહાયતાથી સર્વ કામો કરી શકે તો સમજવું કે તેના સર્વશક્તિમાન્ પણાનો નાશ થયો. ખરેખર આ આખું જગત્ બીજાની સહાયતા વગર ઈશ્વરે રચીને ધારણ કર્યું છે, અને તે હિરણ્યાક્ષ, રાવણ, અને કંસાદિઓને એક ક્ષણમાં મારી નાંખવા તેમજ પોતાના ભક્તોના મોક્ષ અર્થે ઉપદેશ, ધર્મનું સ્થાપન અને અધર્મનો નાશ કરવા પૂરતો સમર્થ છે. ઈશ્વર સર્વશક્તિમાન્ છે તે સિદ્ધ થયું તેમજ ન્યાયકારી વગેરે વિશેષણો તેમાં સ્વ-

ભાવિક રીતેજ રહેલ છે એમ સ્વીકારવું જોઈએ. જો એમ નહિ માનીએ તો પરમેશ્વર પોતેજ પોતાનો નાશ કરવાને સમર્થ છે. ઈશ્વર અનંત, જન્મરહિત અને અવિકારી છે.

પ્રકૃતિ એટલે આકાશાદિ આખું જગત્ ઈશ્વરની નજરે તો ક્ષણભંગુર, તુચ્છ, અને નાશવંત છે, પછી તેના શરીરની સામગ્રી અર્થે તે કઈ ચીજ ધારવી? કોઈ કહેશે કે તેને રહેવા અર્થે કંઈ હોવું જોઈએ તો આ તો સર્વ વેદસિદ્ધાંત છે કે ઈશ્વર કરતાં કોઈ ચીજ મોટી છેજ નહિ. યજુર્વેદમાં કહ્યું છે કેઃ-

"ઈશ્વર સર્વવ્યાપક, વીર્યરૂપ, શરીર, છિદ્ર અને નાડી રહિત, શુદ્ધ અને પાપરહિત છે, તે આખા જગત્માં બહાર અને અંદર સત્ય, જ્ઞાનરૂપ અને અનંત બ્રહ્મ છે; તે શ્રેષ્ઠ, જેની મૂર્ત્તિ નથી એવો, સંપૂર્ણ અને જેને જન્મ નથી એવો, બહાર અને અંદર છે; તે શબ્દ, સ્પર્શ અને રૂપરહિત છે; તેમાંથી કંઈ ઓછું વત્તું થતું નથી; તે રસરૂપ, અવિનાશી અને ગંધરહિત છે, તેને આદિઅંત છેજ નહીં; તે સર્વથી મોટો શ્રેષ્ઠ અને નિશ્ચળ છે; તે નાનામાં નાનો અને મોટામાં મોટો છે, તે બુદ્ધિમાં રહે છે એવા પરબ્રહ્મને જે ઓળખે છે તેજ માત્ર મૃત્યુ વગેરેથી બચે છે. હું તે સર્વ ગુણસંપન્નને ઓલખું છું; તે આદિત્ય એટલે સૂર્યના રંગનો છે; તે અંધારાંથી કેવળ ભિન્ન છે; તેને જે ઓળખે છે તેજ માત્ર મૃત્યુથી બચે છે, એવી બીજી રીતિ કોઈ નથી કે જેથી મોક્ષ પ્રાપ્ત થાય." એજ સર્વ વેદનો સિદ્ધાંત છે. આ ઉપરથી સાબીત થયું કે ઈશ્વરને જન્મ મરણ છેજ નહિ.

પ્ર૦-ઈશ્વર સાકાર છે કે નિરાકાર છે?

ઉ૦-અમે ખાતરીથી કહીએ છૈએ કે તે નિરાકાર છે. કોઈ પુછશે કે ઈશ્વર નિરાકાર છે ત્યારે હાથ પગ વગર સાકાર જગત્ કેમ રચ્યું? ઈશ્વરમાં સર્વદા સર્વ શક્તિનું સામર્થ્ય છે; નિરાકારમાંથી સાકાર ઉત્પન્ન થાય છે. જેમકે ઈશ્વરે પ્રથમ આકાશ કર્યું (જે પોતે પણ નિરાકાર છે.) આકાશમાંથી પવન, પવનમાંથી અગ્નિ, અગ્નિમાંથી પાણી, પાણીમાંથી પૃથ્વી, પૃથ્વીમાંથી વનસ્પતિ, વનસ્પતિમાંથી અન્ન, અન્નમાંથી વીર્ય અને વીર્યમાંથી મનુષ્યરૂપ થયું. બ્રહ્મરૂપ અને આકાશ એ બેઉ નિરાકાર છે અને તેમાંથી દ્વિગુણી વાયુ, તેમાંથી ત્રિગુણી અગ્નિ અને તેમાંથી પાણી પૃથ્વી ઈત્યાદિ થયાં. જરા નિરાકારમાંથી આ આખું જગત્ ઉત્પન્ન થયું. જેમ એક લોહચુંબકના પથરાના કટકે કટકા કરી

સર્વ મનુષ્ય ખુલ્લી રીતે જોઈ અને દેખાડી શકે છે તેમજ નિરાકારમાંથી સાકાર જગત્ પેદા થયું. અને વળી વેદમાં કહ્યું છે કે:-

"જેને હાથ પગ છે નહિ પણ તે હાથ પગનું કામ કરે છે એટલે કે તે ઘણો દોડનારો અને ગ્રહણ કરનાર છે; તેને આંખ નથી પણ તે જોઈ શકે છે; તેને કાન નથી પણ તે સાંભળી શકે છે; તેને કોઈ ઓળખતું નથી પણ તે સૌને ઓળખે છે એવો જે છે તેનેજ માત્ર પરિપૂર્ણ અને પ્રાચીનમાં પ્રાચીન કહે છે." ઈશ્વર સાકાર થઈને સાકારથી સાકારની ઉત્પત્તિ કરે છે અને હાથ પગવિના જગત્ ઉત્પન્ન કરવાને અસમર્થ છે એવું માનનારા લોકો પોતાની મૂર્ખાઈ બતાવે છે કારણ કે જ્યારે ઈશ્વરમાં હાથ પગ વિના સર્વ શક્તિનું જોર છે ત્યારે તે હાથ પગ કરીને ખોટા પ્રપંચમાં શું કરવા પડે!

પ્ર૦-ઈશ્વર માયાસહિત છે કે રહિત?

ઉ૦-ઈશ્વર માયાસહિત છે.

પ્ર૦-માયા શબ્દનો અર્થ શો થાય છે?

ઉ૦-માયા એટલે ઈશ્વરશક્તિ, એમ અર્થ કરવો અયોગ્ય છે કારણ કે છળ કપટનેજ માત્ર માયાનું નામ આપવામાં આવે છે. કોઈ કહે કે આ તો માયાવી એટલે માયાવાળો દેખાય છે એનો અર્થ એટલોજ કે તે ઘણો છળ ભેદ કરનારો અને કપટી છે. ઈશ્વર માયા, અવિદ્યા વગેરે દોષ રહિત છે તે નિર્મળ, નિરંજન, અવિનાશી, શુદ્ધ, ડાહ્યો અને દુષ્ટ કામોથી મુક્ત છે. તેને કદિ માયાવી એટલે કપટી વગેરે વિશેષણો આપી શકાયજ નહિ તેને ક્લેશ કર્મના પરિણામો સ્પર્શ પણ કરી શકતા નથી. પતંજલિ સાક્ષી આપે છે કે "ઈશ્વર ઉત્તમમાં ઉત્તમ છે."

પ્ર૦-ઈશ્વર સગુણ છે કે નિર્ગુણ?

ઉ૦-અમે જાણીએ છીએ કે તે સગુણ નિર્ગુણ બેઉ છે. જેમ કે એક માટીનો ઘડો છે તે પોતાના સ્પર્શાદિ ગુણોથા કરીને સગુણ છે પણ તેમાં ચેતનની માફક જ્ઞાન આદિ ગુણો નથી તેથી તે નિર્ગુણ છે. તેમજ ઈશ્વર પણ સર્વજ્ઞતા આદિ ગુણોથી સગુણ છે પણ ઈશ્વરમાં જડતા, જન્મ, મરણ, અજ્ઞાન આદિ ગુણો નથી તેથી તે નિર્ગુણ છે. આ ઉપરથી સિદ્ધ થયું કે ઈશ્વર સગુણ નિર્ગુણ બેઉ છે. એક ઈશ્વર સર્વ પ્રાણીઓથી શ્રેષ્ઠ છે તે સર્વવ્યાપક છે, તે સર્વ પ્રાણીઓનો અંતરઆત્મા છે, તે સૌનો ધણી છે, તે સર્વ જીવોનું રહેઠાણ છે, તે સાક્ષી, ચેતન, મિશ્રતારહિત અને નિર્ગુણ છે; એ સાક્ષીથી બ્રહ્મા, રામ-

કૃષ્ણ નૃસિંહાદિ સર્વ "જીવોજ" છે એમ નક્કી કરી જાણવું. તે બ્રહ્માદિઓના ઉત્પન્નકર્ત્તા, ધારણ કરનાર, અંતરયામી સર્વશક્તિમાન્, ન્યાયકારી અને માલિક છે. માટે તે સર્વોએ તેઓથી ભિન્ન જે પરબ્રહ્મ તેની સેવા કરવી.

પ્ર૦-તમે મુક્તિ માનો છો કે નથી માનતા ?

ઉ૦-અમે સાલોકય, સામીપ્ય, સાનુજય અને સાયુજય વગેરે ચાર પ્રકારની મુક્તિ માનીએ છેઍ.

પ્ર૦- ચાર પ્રકારની મુક્તિનો શો અર્થ સમજવો ?

ઉ૦-ઈશ્વર અને જીવનો રહેવાસ એકજ લોકમાં હોય તેને સાલોક્યમુક્તિ કહે છે. એમ સમજવું ભુલ ભરેલું છે; ઈશ્વરની આ રચેલી દુનીઆમાં જો સર્વ પ્રાણીઓનો રહેવાસ હોય તો ગધેડા વગેરેની પણ મુક્તિ થવી જોઈએ.

સામીપ્યમુક્તિ પણ સિદ્ધ છે કારણ કે ઈશ્વરના અંતરયામીપણાએ કરીને ઈશ્વરસામીપ્ય થયો, અને વળી ઈશ્વર હમેશ વિદ્યમાન છે.

સાનુજય મુક્તિ પણ પોતાની મેળેજ સિદ્ધ છે કારણ કે અનંત ચેતન ઈશ્વરઈચ્છાએ કરીને સર્વ પ્રાણીઓનું ચેતન નાશવંત છે અને વળી તે ચેતનમાં અલ્પ જ્ઞાનાદિ ગુણો છે.

સાયુજયમુક્તિ પણ સર્વ પ્રાણીઓમાં સાધારણ છે કારણ કે ઈશ્વર સર્વવ્યાપક છે અને સર્વ પ્રાણીઓનો તો વ્યાપ્યધર્મ છે એટલે પોતે પોતાની જગાપણ સાચવી શકતા નથી. આ પ્રમાણે તમારી ચારે મુક્તિઓ વ્યર્થ છે.

પ્ર૦-હવે મુક્તિ તે શું ?

ઉ૦-વૈકુંઠ, ગોલોક, અને કૈલાસ આદિમાં રહેઠાણ કરવું તેને મુક્તિ કહે છે. એમ કદિ બોલવું નહિ. પરાધીનતાથી માત્ર દુઃખ પ્રાપ્ત થાય છે. વેદસિદ્ધાંત પ્રમાણે તો મુક્તિ એક છે. બીજી તરેહની છેજ નહિ. વિદ્યા, જ્ઞાન અને ધર્માચરણ કર્યા પછી ભ્રમરહિત બ્રહ્મતત્ત્વ વિજ્ઞાને કરીને સર્વજ્ઞ ઈશ્વરનો આનંદ પામી જન્મમરણાદિક સર્વ દુઃખની નિવૃત્તિ અને ઈશ્વરઆનંદ સાથે સર્વદા રહેવાનું થાય તેનેજ માત્ર મુક્તિ કહેવી. આ ઉપરથી સમજવું કે તમે જે મુક્તિ માની તે મિથ્યા છે. મનુ સાક્ષી આપે છે કે:-

"પરતંત્ર પુરૂષ હમેશ દુઃખ પામે છે પણ સ્વતંત્ર સદા સુખ ભોગવે છે."

પ્ર૦-વિષ્ણુસ્વામિ, વલ્લભસંપ્રદાય આદિ વેદમત અનુસરતા છે કે વેદવિરૂદ્ધ ?

ઉ૦-વેદ મતઃ અનુસરતા નથી, કારણ કે વેદમાં તેઓનું નામ પણ નથી. વેદથી જે વિરૂદ્ધ છે તે પાખંડી જાણવું. મનુ સાક્ષી આપે છે કે:-

"જે લોકો પાખંડી, વેદવિરુદ્ધ કર્મ કરનારા, તર્કટી, અને સ્વાર્થી અથવા બગલા ભક્ત છે તેઓની સાથે વાત પણ કરવી નહિ અર્થાત્ તેઓને કોઈ રીતે માન આપવું નહિ."

ખરૂં જોતાં સંપ્રદાય શબ્દનો અર્થ તો "સંપ્રદાહ છે" એટલે કે જે લોકો ધર્મ-જ્ઞાનને એકદમ આગ લગાડી દે છે તેવા લોકોને સંપ્રદાયને બદલે "સંપ્રદાહ" માનવા જોઈએ. એવા ચંડાળોનો કોઈએ કદિ વિશ્વાસ કરવો નહિ.

પ્ર૦-श्रीकृष्णः शरणम्मम આ અક્ષરો સત્ય છે કે મિથ્યા ?

ઉ૦-વેદમાં એવો મંત્ર છેજ નહિ તેથી એ કપોલકલ્પિત અને મિથ્યા છે. વેદમાં કહેલા ગાયત્રીમંત્ર મુકી દઈને મિથ્યા અને કલ્પિત શબ્દોના ઉદેશ કરવાથી માણસો નાસ્તિક થાય છે અને નરકે જાયછે.

પ્ર૦-ઉપર કહેલા શબ્દોનો અર્થ તમે કેવો કરો છો ?

ઉ૦-"હે લક્ષ્મીવાન્ કૃષ્ણ તું મારે શરણે આવ." એમ અર્થ કરવો વાજબી નથી કારણ કે એ શબ્દનો અર્થ કૃષ્ણ મારે શરણે આવે અથવા મને મારી નાંખે તેમ બેઉ રીતે થાય છે. અને તેથી એ શબ્દ અશુદ્ધ અને અનર્થ કરનાર છે. કોઈપણ સજ્જને એવા શબ્દનો ઉપદેશ અથવા ગ્રહણ કરવું નહિ તેમ તેમાં વિશ્વાસ પણ રાખવો નહિ. એજ પ્રમાણે नमो नारायणाय, नमश्शिवाय, नमो भगवते वासुदेवाय ऐंह्रींक्लींच्चामुण्डायैविच्चे ઈત્યાદિ સ્વકપોલકલ્પિત શબ્દો વિશે જાણવું.

હવે વલ્લભ સંપ્રદાયમાં બ્રહ્મસંબંધ એટલે કે ભ્રષ્ટ સંબંધનો જે બોધ કરે છે તેનો અર્થઃ-

"હે લક્ષ્મીવાન્ કૃષ્ણ તું મારે શરણે આવ. હજાર વર્ષ થયાં હું તારાથી જુદો પડયો છું અને અનંત ક્લેશ તાપની અંદર બુડી મુઓ છું માટે મારૂં શરીર, ઇંદ્રીઓ, પ્રાણ, અંતઃકરણ, ધર્મ, સ્ત્રી, ઘરબાર, પુત્ર, સગાંવહાલાં, ઈચ્છા અને મારી આત્મા સહિત હું તને બધું અર્પણ કરૂં છું. હે કૃષ્ણ, હું તારો દાસ છું."

હજાર વર્ષ વગેરે ઉપર જે સંખ્યા ગણી તે વ્યર્થ છે કારણ કે આ તો ખુલ્લું છે કે તમે અને તમારો વલ્લભ બેઉ સર્વજ્ઞ નથી, વળી એમ કહેવું સંદેહ ભરેલું છે માટે હજાર વર્ષની અમુક સંખ્યા બોલી દેવી અયોગ્ય છે. હું કૃષ્ણથી જુદો પડયો એમ જે કહ્યું તેમાં કૃષ્ણ શબ્દનો અર્થ શો માનો છો ? તે પરબ્રહ્મ અને ગોલોકવાસી છે એમ અમે કહિયે છૈએ એમ કહેવું

અશુદ્ધ છે, કારણ કે જન્મમરણ પામ્યો એવો જે કૃષ્ણ તેને પર-બ્રહ્મનું નામ ઘટતું નથી. ગાયોનું ટોળું તો દુ:ખ અને દુર્ગંધરૂપ છે અને તેથી તે ટોળામાં જેઓ રહે છે તેઓ ભરવાડોના જેવા અસભ્ય, વિદ્યા-હીન, અને મૂર્ખ હોવા જોઈએ. ગાયોના ટોળાં શિવાય બીજો ગોલોક છેજ નહિ અને કૃષ્ણની ઉપાસના કરનારા જો ગોલોકમાં જાય તો તેઓપણ તેવાજ થાય. અનંત ક્લેશ, તાપ વગેરે જે કહ્યું તે અશુદ્ધ છે કારણ કે એ બેઉ શબ્દનો અર્થ એકજ થાય છે માટે ઉલટી કરીને ખાવા જેવું થયું. વળી અનંત ક્લેશનો છેડો આવેજ નહિ તેથી તેનો ભાગ, વખત, વસ્તુ અને પરિ-માણ સંભવેજ નહિ. કૃષ્ણની કાયાનો વર્ણ કાળો હતો અને વળી તેણે જન્મ મરણાદિક દોષો વેઠ્યા તેથી એને ભગવાન્ નામ મુદ્દલ છાજતું નથી. કૃષ્ણને દેહ, ઈંદ્રિય, પ્રાણ, અંત:કરણ અને ધર્મ અર્પણ કરવાં અશક્ય છે. જો કદિ અર્પણ થાય તો વિષ્ઠા મળમૂત્રાદિ પીડા રાગ દ્વેષ અને અધર્મ પણ અર્પણ થવાં જોઈએ અને જો તેમ થયું તો ન્યાય રીતિ પ્રમાણે કૃષ્ણે તેવા કાર્યોના ફળ ચાખી નરકે પણ જવું જોઈએ. સ્ત્રી, ઘરબાર, પુત્ર, સગાંવહાલાં અને ઈચ્છા અર્પણ કર્યાથી માત્ર પાપનીજ વૃદ્ધિ થાય છે. કારણ કે પરસ્ત્રી પરપુરૂષને અર્પણ કરવી એ અઘોર પાપનું કામ છે. "આત્માસહિત હું બધું અર્પણ કરૂં છું, હે કૃષ્ણ, હું તારો દાસ છું" વગેરે શબ્દો અશુદ્ધ છે કારણ કે અર્પણ કરનાર અને અર્પણ થનાર એ બેઉ એકજ છે, એટલેકે આત્મા, દેહ, ઇંદ્રીઆદિઓને અર્પણ કરે છે અને વળી પોતેજ પોતાને અર્પણ કરે છે એ વાત તદન અયોગ્ય છે. મનુની સાક્ષી પ્રમાણે દાસનો અર્થ શૂદ્ર થાય છે. અને તમે દાસના ગુરૂ છો કારણ કે ઘણું કરીને તમારા શિષ્યના નામને "દાસ" પ્રત્યય લાગે છે માટે સ્વજાતિના નિયમથી તમે પણ શૂદ્ર છો. આ પ્રમાણે ઉપલા શબ્દો અશુદ્ધ અને દુ:ખદાયક છે. વલ્લભે સિદ્ધાંતરહસ્ય આદિ ગ્રંથોમાં એવા વાક્યો નાંખી બિચારા અજ્ઞાનીઓને ભમાવ્યા છે અને તેથી માત્ર પાપનો વધારો કર્યો છે તે નીચે પ્રમાણે:—

"મહિનો શ્રાવણ, કૃષ્ણ પક્ષ, અને એકાદશીની મધ્યરાત્રિએ સાક્ષાત શ્રીકૃષ્ણે જે કહ્યું છે તે હું (વલ્લભ) બોલું છું. બ્રહ્મસંબંધ કરવાથી સર્વ પ્રાણીઓના દોષની નિવૃત્તિ થશે. દોષ પાંચ તરેહના છે. સ્વભાવ, ઉપદેશ, વખત, સંયોગ અને સ્પર્શથી તથા દોષો જે વેદમાં કહ્યા છે તે કોઈએ માનવા

નહિ, જો કદિ કોઈ માનશે તો તેના દોષની નિવૃત્તિ થવાનીજ નથી. જે ચીજનું સમર્પણ થયું ન હોય તેનો ત્યાગ કરવો. સમર્પણ કર્યા પછી જેમ જોઈએ તેમ કરવું. કોઈ પણ દેવનો વિચાર એવો નથી કે ગુરૂને અર્પણ કર્યા વગર કંઇ ચીજ પોતે ભોગવવી. એટલા માટે સર્વે કાર્યો પેહેલાં બધી વસ્તુઓનું સમર્પણ કરવું જોઈએ. કંઈ લેવું નહિ એવા જે વચનો છે તે કોઈ બીજા માર્ગના હશે, જેમ સંસારમાં વ્યહવાર ચાલે છે તેવીજ રીતે ગુરૂશિષ્યોએ વ્યહવાર ચલાવવો જોઈએ. બધું સમર્પણ કર્યા પછી સૌએ બ્રહ્મસંબંધ લેવો જોઈએ. ગંગાના પ્રવાહમાં ગુણ દોષ હોય છે પણ તે ગુણ દોષ જોવામાં આવતા નથી તેમજ આપણા ગાડરીઆ પ્રવાહ વિષે સમવું."

પ્રથમ ઘણી વાર કહ્યું કે જેને જન્મમરણ થયાં એવા કૃષ્ણાદિ મુડદાવળીને ભગવાન્નું નામ અપાયજ નહિ કૃષ્ણને મરી ગયાને લગભગ પાંચ હજાર વર્ષ થયાં તે મુડદાએ વલ્લભને આવીને કેવી રીતે કહ્યું તે કાંઈ સમજાતું નથી અમને તો એમ લાગે છે કે વલ્લભે ધર્મને બહાને આ પાખંડરૂપ લાકડું પેસાડયું છે. "સાક્ષાત ભગવાને આવીને મને કહ્યું" એ વલ્લભનો છળભેદ છે એમ જાણવું. આવા આવા ખોટા ગપાટા સિદ્ધ કરી આપે છે કે ઉપર કહેલા શબ્દો માત્ર દુ:ખનીજ વૃદ્ધિ કરે છે.

પ્ર૦-નિવૃત્ત થયા પછી દોષોનું શું થાય છે ?

ઉ૦-જો તમે કહેશો કે તેઓનો નાશ થાય છે તો પાપનો નાશ થવાનોજ નથી કારણ કે જે પુરૂષ પાપ દોષ કરે છે તેજ પોતાના કર્મો પ્રમાણે શુભ અશુભ ફળ ચાખે છે. જેમ સમર્પણ કરતી વખતે સ્ત્રી ધનાદિ પદાર્થો ગુરૂઓ લે છે તેમજ જો બીજાના કરેલા પાપદોષ હરિ અને કૃષ્ણ ભોગવતા હોય તો તેઓને અઘોર નરકમાં પડી વિષ્ટામાં ડુબકી પણ મારવી પડે. પોતે કરેલાં પાપપુણ્યનો માત્ર સુખદુ:ખ ભોગવેજ છુટકો છે. આ પ્રમાણે વલ્લભે જે કલ્પના ઉઠાવી તે કેવળ વ્યર્થ છે. જો તમે કહો કે અગ્નિની માફક સ્વભાવિક દોષો સ્વભાવિક રીતે નિવૃત્ત થાય છે તો સમર્પણ કર્યા પછી પણ તમે અને તમારા શિષ્યો રક્તપિત, ભુખ તરસ, ટાઢ તડકો, સુખ દુ:ખ વગરે કેમ ભોગવો છો? અને હવા વગેરેથી ઉત્પન્ન થતી વ્યાધિઓ પિત્ત, કફ, તાવ આદિ રોગો તમને કેમ મુકતા નથી?

અસત્ય ભાષણ, ચોરી, મા, બેન, દીકરી, દીકરાની સ્ત્રી સાથે વ્યભિચાર વગેરે કર્મો જેને સંસાર અને વેદ અઘોર પાપ સમજે છે તે અને મા, બેન,

દીકરી, પુત્રની સ્ત્રીના સમાગમ અને સ્પર્શથી ઉત્પન્ન થતા દોષો શું તમારા ભગવાને અને વલ્લભમતના સંપ્રદાય વાળાઓએ માનવાં ન જોઈ એ ?

પ્ર૦-ભગવાન અને વલ્લભના ઉપદેશો કરીને શું સમજવું ?

ઉ૦-ભગવાન અને વલ્લભ નાસ્તિક, અધર્મી, વિદ્યાહીન, વ્યભિચારી, અધર્મ પ્રવર્તાવનાર અને સદ્ધર્મનો નાશ કરનાર હતા. મનુ સાક્ષી આપે છે કેઃ-

"જે પુરૂષ પેટ ભરવા અર્થે બ્રહ્મ વૈવર્તાદિ વાધરી પુરાણોનો આશ્રય લઈ વેદાદિ સત્ય શાસ્ત્રોને ધિક્કારે તેને નાસ્તિક કહેવો."

"સર્વ દોષની નિવૃત્તિ થવાની બીજી કોઈ રીત છેજ નહિ વગેરે જે કહ્યું તે દશ લોટા ભાંગ ચડાવીને વલ્લભ સ્વપ્નામાં બક્યો છે એમ સમજવું કારણ કે એવા ઉપદેશો કરીને સત્યધર્મ અને ગુણનો નાશ થાય છે, એવા ભ્રષ્ટ ઉપદેશક પતિત, પાપી, અને ચંડાળના શબ્દો ઉપર કોઈએ કદિ ભરોસો રાખવો નહિ

વલ્લભ સંપ્રદાયવાળા અધર્મનો વધારે બોધ કરે છે તે નીચે પ્રમાણેઃ-

"પોતે કંઈ પણ ભોગવવું તે પેહેલાં સર્વ વસ્તુ એટલે કે સ્ત્રી પુત્ર વગેરેનું પણ સમર્પણ કરવું જોઈએ. લગ્ન કર્યા પછી પોતાના ભોગ અર્થે રાખેલી સર્વ વસ્તુઓ અને તે સાથે તેઓના સારા પરિણામોનું સમર્પણ કર્યા પછી પોતે તે ચીજો ખપમાં લેવી.

એનું ખંડનઃ-

લગ્ન કર્યા પછી પોતાના ભોગવ્યા પેહેલાં સ્ત્રી પુત્ર વગેરે પવિત્ર કરવા અર્થે આચાર્યને (ઈન્ડીઅન કાફરોને) અર્પણ કરવાં એમ જો તમે ઉપદેશ આપતા હો તો પોતાની સ્ત્રી, દીકરી, બેન વગેરેને પવિત્ર કરવા અર્થે બીજાઓપાસે સમર્પણ લેવા કેમ મોકલતા નથી ? જો તમે એમ કહેશો કે અમારી મરજી અમારી સ્ત્રી વગેરેને બીજાઓ પાસે મોકલવાની નથી, તો માત્ર પોતાનોજ પાપરૂપ સ્વાર્થ જોઈ બીજા લોકોની સ્ત્રી આદિને શું કરવા સમર્પણ કરાવો છો ? જો તમે કહેશો કે એ પ્રમાણે કરવાથી પુણ્ય થાય છે તો પોતાની સ્ત્રીને પુણ્યનો ભાગ લેવા કેમ દેતા નથી ? સિદ્ધાંત તો એ છે કે જે સાથે જેનાં લગ્ન થયાં હોય તેઓનુંજ માત્ર પરસ્પર સમર્પણ થાય. સમર્પણ કરવાની બીજી કોઈ રીત છેજ નહિ.

વલ્લભ સંપ્રદાયના વિષયરૂપ ઉપદેશ ઉપર કોઈ સ્ત્રી અથવા પુરૂષે કદિ વિશ્વાસ રાખવો નહિ [illegible] નરક પ્રાપ્ત થશે કારણ

पुस्तकालय

गुरुकुल काँगड़ी विश्वविद्यालय, हरिद्वार

विषय संख्या २२८ आगत नं० ३४८५३

२३२

लेखक

शीर्षक

दिनांक	सदस्य संख्या	दिनांक	सदस्य संख्या

गुरुकुल काँगड़ी विश्वविद्यालय, हरिद्वार

कृपया पुस्तक के ऊपर कोई निशान आदि न लगायें।